AngloAmerican

## Code of Conduct: Business Integrity

# સમૂહ વ્યવસાયિક પ્રામાણિક નીતિ

| | |
|---|---|
| માન્ય કર્યાની તારીખ: | 16/11/2022 |
| નીતિ માટે જવાબદાર: | સમૂહ નિયામક – નાણાવ્યવસ્થા (Group Director - Finance) |




**"અમારી નીતિઓ સાચી વસ્તુ કરવામાં અમને માર્ગદર્શન આપે છે."**

ચીફ એક્ઝિક્યુટિવ

આ પોલિસીનું **અંગ્રેજી** ભાષા સંસ્કરણ તમામ બાબતોમાં નિયંત્રણકર્તા રહેશે અને અનુવાદિત સંસ્કરણમાં કોઈ વિસંગતતા જણાય એવા સંજોગોમાં તેનું આધિપત્ય રહેશે. આ પોલિસીનું અન્ય ભાષાનું સંસ્કરણ ફક્ત સુવિધા માટે જ આપવામાં આવે છે.

## 1. સંદર્ભ

આપણી આચાર સંહિતા એ ધોરણો અને અપેક્ષિત વર્તનો રજૂ કરે છે. જે આપણી વ્યવસાય કરવાની રીત બાબતે માર્ગદર્શન આપે છે. આ સ્પષ્ટતા કરે છે કે, આપણે ચુસ્તપણે ભ્રષ્ટાચારનો વિરોધ કરીએ છીએ, જે પ્રામાણિકતા અને ઉત્તરદાયિત્વના આપણા હાર્દરૂપ મૂલ્યોની વિરુદ્ધ છે. આપણે જાહેર અધિકારીઓ અથવા પુરવઠાકારો અને ગ્રાહકો સાથેના આપણા વ્યવહારોમાં ન તો રુશ્વત આપીશું, ન તો સ્વીકારીશું, ન તો બીજા લોકોને આપણા નામે તેમ કરવા દઇશું. આપણે જ્યાં પણ કામ કરીએ છીએ ત્યાં પ્રામાણિકતાના એ જ ઉચ્ચ ધોરણ પ્રમાણે કામગીરી કરવા પ્રતિબદ્ધ છીએ.

લાંબા ગાળાના રોકાણકાર તરીકે, આપણે જ્યાં કામ કરીએ છીએ, તે દેશોના ટકાઉ વિકાસ અને સુશાસનમાં ફાળો આપવા માટે આપણે પ્રતિબદ્ધ છીએ. ભ્રષ્ટાચાર તે ઉદ્દેશને નબળો પાડે છે; તે વિશ્વાસનો નાશ કરે છે, રોકાણને દૂર લઈ જાય છે, આપણા રોકાણની સલામતી જેના પર આધારિત છે, તે કાયદાનું શાસન નબળું પાડે છે, અને વ્યવસાય કરવાનો ખર્ચ અને અસ્થિરતા વધારે છે. તે વિકાસના હકારાત્મક પરિણામો લાવવાની આપણા વ્યવસાયની ક્ષમતા નોંધપાત્ર રીતે ઘટાડે છે.

રુશ્વતો અને અન્ય ભ્રષ્ટ ચુકવણીઓ ગેરકાયદેસર છે. આ નીતિના અનુપાલન ઉપરાંત, આપણા કર્મચારીઓ અને કૉન્ટ્રેક્ટરો, તેઓ જે દેશ અને અધિકારક્ષેત્રોમાં કામગીરી કરે છે, ત્યાંના કાયદાઓ જાળવવા અને તેમનું અનુપાલન કરવાની ફરજ ધરાવે છે.

આ નીતિનો હેતુ આપણે જેમની સાથે વ્યવસાય કરીએ છીએ, અને જે લોકો આપણા વતી કામ કરે છે, તેમના દ્વારા Anglo American, આપણી સહાયક કંપનીઓ, સંયુક્ત સાહસો અને સહયોગીઓની અંદર દરેક સ્તરે બધા પ્રકારના ભ્રષ્ટ વર્તનો સામે લડવામાં અપેક્ષિત આચરણનાં ધોરણો રજૂ કરવાનો છે.
નીતિ:

- Anglo American માટે રુશ્વતખોરી અને ભ્રષ્ટાચારને લગતા મુખ્ય જોખમો વર્ણવે છે.
- નીતિના અપાલનનાં પરિણામો રજૂ કરે છે.
- Anglo American ખાતે ભ્રષ્ટાચાર દૂર કરવા માટેનું મુખ્ય સંબંધિત માર્ગદર્શન મેળવે છે.
- પૃષ્ઠ 4-8 પર સારરૂપે આપેલ સંકળાયેલી વ્યાવસાયિક પ્રામાણિકતા ભ્રષ્ટાચાર નિવારણ કાર્યપદ્ધતિઓ (Business Integrity Prevention of Corruption Procedures) (કાર્યપદ્ધતિઓ) માટે પાયો પૂરો પાડે છે. આ કાર્યપદ્ધતિઓ ભ્રષ્ટાચારની સંભવિત અથવા વાસ્તવિક પરિસ્થિતિ કેવી રીતે ઓળખવી, તે વિશે વધુ વિગતવાર માર્ગદર્શન પૂરું પાડે છે, અને રુશ્વતખોરી અને ભ્રષ્ટાચારનાં જોખમો નિયંત્રિત કરવા અને પ્રામાણિકતાથી વ્યવસાય કરવા માટે લાગુ થવા જોઈએ, તે જરૂરી નિયંત્રણો અને વર્તનલક્ષી ધોરણો રજૂ કરે છે.

આપણે, નિષ્કર્ષક ઉદ્યોગ પારદર્શકતા પહેલ (Extractive Industries Transparency Initiative, EITI) માં જેવા આંતરરાષ્ટ્રીય માળખાઓમાં આપણી સામેલગીરી, અને ફરજિયાત પારદર્શકતા ફાઇલિંગ જેમ

કે સરકારને કરેલી ચુકવણીઓના અહેવાલ મારફતે, સુશાસન, ખનિજ સંપત્તિના જવાબદાર ઉપયોગને ઉત્તેજન આપવા અને ભ્રષ્ટાચાર અટકાવવા માટે સરકાર, વ્યવસાય અને નાગરિક સમાજમાં શૅરધારકો સાથે કામ કરવા પ્રતિબદ્ધ છીએ. આપણે જે દેશોમાં કામગીરી કરીએ છીએ, ત્યાં EITI ના હિમાયતીઓ બનીશું. એવા દેશોમાં કે જ્યાં આપણી યજમાન સરકારે EITI લાગુ કરવાનો નિર્ણય લીધો છે, ત્યાં આપણે પક્રિયાને સંપૂર્ણપણે સમર્થન આપીશું.

આ ઉપરાંત, આપણે આપણા વાર્ષિક ‘ટકાઉપણા અહેવાલ (Sustainability Report)' અને આપણા ‘કર અને આર્થિક યોગદાન અહેવાલ (Tax and Economic Contribution Report)' બંનેમાં આપણી કામગીરીના સૌથી મહત્ત્વપૂર્ણ દેશો માટેની આપણી કર અને હકસાઈ ચુકવણીઓ જાહેર કરીશું.

## 2. શું આ મને લાગુ પડે છે?

આ નીતિ અને તેની સાથેની કાર્યવાહી એંગ્લોઅમેરિકન વતી કાર્ય કરતા તમામ કર્મચારીઓ અને કોન્ટ્રાકટરને લાગુ પડે છે. એંગ્લો અમેરિકનના સપ્લાયર કોન્ટ્રાક્ટમાં કંપનીને માલસામાન અને સેવાઓ પૂરી પાડનારાઓએ આ નીતિ અથવા સમકક્ષ ધોરણોને અપનાવવાની જરૂર પડશે અને અમારા બોર્ડના પ્રતિનિધિઓ સંયુક્ત સાહસો અથવા સહયોગી કંપનીઓમાં તુલનાત્મક ધોરણોને અપનાવવાનું સુરક્ષિત કરવાનો પ્રયાસ કરશે.

આ એક સમૂહ નીતિ છે, જે Anglo American ને વિશ્વવ્યાપી રીતે લાગુ પડે છે, સિવાય કે નીતિનું કોઈ પણ પાસું સ્થાનિક કાયદા કે વિનિયમ દ્વારા પરવાનગીપાત્ર ન હોય.

## 3. મારે શું જાણવું જરૂરી છે?

### વ્યાખ્યાઓ

આ નીતિના હેતુઓસર, **ભ્રષ્ટાચાર** એટલે “કોઈ પણ કૃત્ય જેનો હેતુ સોંપેલી સત્તાનો વ્યક્તિગત અથવા કૉર્પોરેટ લાભ માટે દુરુપયોગમાં પરિણમવાનો હોય. "આમાં રુશ્વતખોરી, હિતોના સંઘર્ષ, ચોરી, બળજબરીથી કરાતી વસૂલાત, કપટ અને કંપનીની અસ્ક્યામતોના દુરુપયોગનો સમાવેશ થાય છે. **રુશ્વતખોરી** એટલે “કોઈ વ્યક્તિ અથવા સંસ્થાને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ લાભ આપવા, તેનું વચન આપવા કે તે ઑફર કરવાનું કૃત્ય કે જેથી તે વ્યક્તિ અથવા સંસ્થા તેની વ્યાવસાયિક કે જાહેર ફરજોનો ભંગ કરીને કોઈ કૃત્ય કરે અથવા કૃત્ય કરતા અટકે."

રુશ્વતખોરીના સામાન્ય ઉદાહરણોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- કૉન્ટ્રેક્ટ અથવા લાઇસન્સ પ્રાપ્ત કરવા માટે વપરાતી રોકડ અથવા અન્ય સ્વરૂપે ચુકવણી.
- રાજકીય પક્ષો અથવા સંબંધિત સંસ્થાઓને કરાતા અયોગ્ય દાન.
- પ્રાપ્તકર્તાને કોઈ ખાસ કાર્યવાહીનો ક્રમ અપનાવવા માટે પ્રભાવિત કરવાના હેતુથી વધારે પડતી ભેટ અથવા મનોરંજન.

આ નીતિના હેતુસર, રુશ્વતમાં ફક્ત રોકડ ચુકવણી નહીં, મહત્ત્વના મૂલ્ય વાળી કોઈ વસ્તુ હોઈ શકે, અને તેમાં નીચેનાનો પ્રબંધ અથવા પ્રાપ્તિ હોઈ શકે છે:

- અતિખર્ચાળ અથવા પ્રમાણ બહારની ભેટ અને મનોરંજન.
- છૂપા આશયથી દાન.
- ગ્રાહક અથવા અધિકારી માટે મુસાફરીના ખર્ચ અથવા રહેવાની સગવડની ચુકવણી કે જ્યારે પ્રવાસ માટે કોઈ અન્તર્ગત વ્યાવસાયિક હેતુ ન હોય.

- આપણા વ્યવસાય કે મંજૂર કરેલા સખાવતી હેતુઓ સાથે સંબંધિત ન હોય, તેવી પ્રવૃત્તિઓ માટે કૉર્પોરેટ અસ્ક્યામતોનો ઉપયોગ.

**હિતોનો સંઘર્ષ** ઊભો થઈ શકે છે, જ્યારે નાણાકીય અથવા વ્યક્તિગત વિચારણાઓ તેમની ફરજો બજાવવામાં આપણા કર્મચારીઓની વિવેકબુદ્ધિ અથવા કાર્યોને પ્રભાવિત કરી શકે, અથવા પ્રભાવિત કરતી હોવાનું લાગી શકે, અથવા તેમ કરવાની શક્યતા ધરાવે. એવા સંઘર્ષો ત્યારે થઈ શકે છે, જ્યારે ખાનગી અને કંપનીના હિતો ભેળવવામાં આવે અથવા જ્યારે વ્યાવસાયિક કે સરકારી નિર્ણયો ખાનગી હિતો પર આધારિત હોય છે.

**બળજબરીથી કરાતી વસૂલાત** એટલે મિલકત અથવા નાણાં પ્રાપ્ત કરવા માટે શાસકીય પદ કે સત્તાનો ગેરકાયદેસર ઉપયોગ.

**કપટ** એટલે અનુચિત કે ગેરકાયદેસર લાભ પ્રાપ્ત કરવા માટે ઇરાદાપૂર્વક આચરવામાં આવતી કોઈ ઠગાઈ.

## અનુચિત પ્રભાવ પાડવો

આપણે, વ્યવસાયના સંચાલનમાં કૉન્ટ્રેક્ટ, પરમિટ અથવા કોઈ અન્ય ચોક્કસ લાભ કે કોઈ અનુચિત સરસાઈ મેળવવાના ઇરાદા સાથે પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે, મધ્યસ્થીઓ કે અન્ય તૃતીય પક્ષકારો મારફતે પૈસા કે મહત્વના મૂલ્ય વાળી (ખાનગી કે સંવેદનશીલ વ્યાવસાયિક અને નાણાકીય માહિતી અને બૌદ્ધિક સંપદા સહિત) કોઈ વસ્તુ પ્રાપ્ત કરીશું નહીં, ઑફર કરીશું નહીં, આપીશું નહીં, તેનું વચન આપીશું નહીં કે તેની વિનવણી કરીશું નહીં અથવા અન્ય રીતે આપણા વ્યાવસાયિક કે સરકારી સંબંધોમાં અનુચિત પ્રભાવનો ઉપયોગ કરીશું નહીં.

આ સરકારી સંસ્થાઓ અને અધિકારીઓ સાથેના આપણા સંબંધો તેમજ અન્ય વ્યવસાયો અથવા નાગરિક સમાજની સંસ્થાઓ સાથેના આપણા વ્યવહારો એમ બંનેને લાગુ પડે છે. આપણે આપણા કર્મચારીઓ, એજન્ટો, કૉન્ટ્રેક્ટરો અથવા વ્યાવસાયિક ભાગીદારો દ્વારા થતી એવી કોઈ પ્રવૃત્તિ સહન કરીશું નહીં.

'મહત્ત્વના મૂલ્યમાં શું સામેલ થાય છે તે અંગેનો પ્રશ્ન સંદર્ભ પ્રમાણે ભિન્ન રહેશે. તેની વ્યાખ્યા નીચેનાથી થશે:

1. સંભવિત પ્રલોભનનો સંદર્ભ.
2. જે ઑફર કરવામાં આવે છે અથવા જેનું વચન આપવામાં આવે છે તે પ્રાપ્તકર્તા માટે, નાણાકીય કે તેની પ્રકૃતિથી, પ્રાપ્તકર્તાના અભિપ્રાયો કે કાર્યોને સંભવિતપણે પ્રભાવિત કરવા પૂરતું સંભવિત મૂલ્ય ધરાવે છે કે કેમ.

આ નીતિ Anglo American ના કર્મચારીઓ દ્વારા તૃતીય પક્ષકારો પાસેથી રુશ્વતો અથવા અન્ય પ્રલોભનોની વિનવણી અને પ્રાપ્તિ તેમજ રુશ્વતોનો પ્રબંધ અને ચુકવણી આવરી લે છે.

વ્યાવસાયિક પ્રામાણિકતા ભ્રષ્ટાચાર નિવારણ કાર્યપદ્ધતિઓ (Business Integrity Prevention of Corruption Procedures) નીચેના વિસ્તારો આવરી લે છે:

## ભેટ, મનોરંજન અને સરભરા

### ભેટ, મનોરંજન અને સરભરા ઑફર કરવી કે પૂરી પાડવી.

સાધારણ ભેટ અને મનોરંજનની આપ-લે સદ્ભાવ કેળવવામાં મદદ કરી શકે છે, અને આ નીતિનો હેતુ કાયદામાન્ય, પ્રાસંગિક સામાજિક સંપર્કવ્યવહારો થકી વ્યાવસાયિક ભાગીદારો અને અન્ય શૅરધારકો સાથે સારા સંબંધો કેળવવાની ઉચિતતાને વખોડવાનો નથી.

તેમ છતાં, અનુચિત ભેટ કે મનોરંજન ઑફર કરવાથી અથવા પૂરું પાડવાથી Anglo American ને શરમિંદગી થઈ શકે અને આપણી પ્રતિષ્ઠાને નુકસાન પહોંચી શકે છે. ખાસ ચિંતાઓ ઊભી થાય છે જ્યારે ભેટ અને મનોરંજનની ઑફર કોઇક રીતે વાસ્તવિક અથવા સંભવિત વ્યાવસાયિક લેવડદેવડ અથવા નિયમનકારી મંજૂરી સાથે સંકળાયેલી હોય, જો ઇરાદો ભ્રષ્ટ ન હોય તો પણ એવું જોખમ હજુ રહે છે કે, પ્રાપ્તકર્તા અથવા વસ્તુલક્ષી તૃતીય પક્ષકાર ભેટ કે મનોરંજનને અનુચિત લાભ મેળવવાનો પ્રયત્ન તરીકે જોઈ શકે છે.

કોઈ પણ ભેટ અથવા મનોરંજન હંમેશાં અસ્વીકાર્ય છે જો:

- તે કૉન્સ્ટ્રક્ટ, પરમિટ કે અન્ય કોઈ ચોક્કસ લાભના બદલામાં ઑફર કરવામાં આવે કે આપવામાં આવે.
- તે વ્યવસાયના સંચાલનમાં અનુચિત લાભ મેળવવા માટે ઑફર કરવામાં આવે.
- તે રુશ્વતખોરીના સ્થાનિક કે આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ કરે.
- તે પુરવઠાકાર કે વ્યાવસાયિક ભાગીદાર દ્વારા આપણા પોતાના કર્મચારીઓ પૈકી એકને ઑફર કરવાની સ્થિતિમાં અસ્વીકાર્ય ગણવામાં આવે.
- તે જાહેર થાય, તો આપણી પ્રતિષ્ઠાને પ્રતિકૂળ રીતે પ્રભાવિત કરે.

### ભેટ, મનોરંજન અને સરભરા પ્રાપ્ત કરવી.

પુરવઠાકારો સાથેના આપણા વ્યવહારો વસ્તુલક્ષી નિર્ણયો પર આધારિત છે અને ભેટ કે અનુગ્રહોથી પ્રભાવિત નથી, તેની ખાતરી કરવાની આપણી જવાબદારી છે. આપણે કર્મચારીઓને અનુગ્રહો,

ચીજવસ્તુઓ, ગૅચ્યુઇટી, પૈસા અને સેવાઓ સહિત એવી ભેટ અને મનોરંજનની વિનવણી અથવા તે પ્રાપ્ત કરવાની મનાઈ ફરમાવીએ છીએ કે જે:

- અહેસાનની ભાવના પેદા કરી શકે.
- તેમની વ્યાવસાયિક વિવેકબુદ્ધિને પ્રભાવિત કરી શકે, અથવા પ્રભાવિત કરવાનું દૃષ્ટિબિંદુ ઊભું કરી શકે.
- તે કર્મચારીના વ્યક્તિગત હિતો અને તેમના નોકરીદાતા અથવા એકંદરે Anglo American સમૂહના હિતો વચ્ચે સંઘર્ષ ઊભો કરી શકે, અથવા ઊભો કરતી હોવાનું લાગી શકે.

## હિતોનો સંઘર્ષ

કર્મચારીઓએ તેમની અને નજીકના સંબંધીઓની સાથે સંકળાયેલો વાસ્તવિક કે જણાતો હિતોનો સંઘર્ષ ટાળવો જોઈએ, અને જ્યાં એવો સંઘર્ષ ઊભો થવાની શક્યતા હોય ત્યાં તેમના લાઇન મેનેજર અથવા આ હેતુસર તેમના વ્યાવસાયિક એકમ અથવા કૉર્પોરેટ સંસ્થા દ્વારા નિર્દિષ્ટ કોઈ અન્ય વ્યક્તિના ધ્યાને આ લાવવું જોઈએ.

## સરળીકરણ ચૂકવણીઓ

આપણે સરળીકરણ ચૂકવણીઓ કરવાની મનાઈ ફરમાવીએ છીએ. સરળીકરણ ચૂકવણીઓ નિયમિત સરકારી બિન-વિવેકાધીન કાર્યો કે જેના હકદાર નાણાં ચૂકવનાર છે, તે કરાવવા માટે નીચલા સ્તરના એવા સરકારી અધિકારીને કરાતી નજીવા મૂલ્યની ચુકવણી છે કે, જેની ફરજો મૂળભૂત રીતે વહીવટી પ્રકારની હોય છે. એવી ચુકવણીઓનાં ઉદાહરણોમાં વીઝા અરજીની પ્રક્રિયા માટે અથવા વીજ કે પાણી પુરવઠો જોડવા માટેની ચુકવણીઓનો સમાવેશ થાય છે, કે જ્યારે બધી સંબંધિત જરૂરિયાતો સ્પષ્ટપણે પૂરી કરવામાં આવી હોય.

## કંપનીની અસ્ક્યામતોનો ઉપયોગ

આપણે, વ્યવસાયના સંચાલનમાં કૉન્ટ્રેક્ટ, પરમિટ અથવા કોઈ અન્ય ચોક્કસ લાભ કે કોઈ અનુચિત સરસાઈ મેળવવાના ઇરાદા સાથે પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે, મધ્યસ્થીઓ કે અન્ય તૃતીય પક્ષકારો મારફતે પૈસા કે મૂલ્ય વાળી કોઈ વસ્તુ ઑફર કરીશું નહીં, તેનું વચન આપીશું નહીં કે તે પૂરી પાડીશું નહીં અથવા અન્ય રીતે આપણા વ્યાવસાયિક સંબંધોમાં અનુચિત પ્રભાવનો ઉપયોગ કરીશું નહીં. આ સરકારી સંસ્થાઓ અને અધિકારીઓ સાથેના આપણા સંબંધો તેમજ ખાનગી ક્ષેત્ર સાથેના આપણા વ્યવહારો એમ બંનેને લાગુ પડે છે. આપણે આપણા કર્મચારીઓ અથવા વ્યાવસાયિક ભાગીદારો દ્વારા થતી એવી કોઈ પ્રવૃત્તિ સહન કરીશું નહીં. કંપનીની અસ્ક્યામતો, જેમ કે પરિસરો, સાધનસામગ્રી અથવા વાહનોનો વિનામૂલ્યે ઉપયોગ ઉદ્દિષ્ટ પ્રાપ્તકર્તા માટે મૂલ્ય વાળી કોઈ વસ્તુ સમાન છે.

કંપનીની અસ્ક્યામતો એવી કોઈ સ્થિતિમાં ગ્રાહકો, જાહેર અધિકારીઓ અથવા અન્ય તૃતીય પક્ષકારોના વ્યક્તિગત કે વિવેકાધીન ઉપયોગ માટે પૂરી પાડવી જોઈએ નહીં, કે જેમાં કોઈ અન્તર્ગત યોગ્ય વ્યાવસાયિક હેતુ કે સ્પષ્ટ જાહેર લાભ ન હોય.

## રાજકીય દાન

આપણે કોઈ પણ સંજોગોમાં પ્રત્યક્ષ રીતે કે તૃતીય પક્ષકારો મારફતે કોઈ પણ રાજકારણી, રાજકીય પક્ષ અથવા સંબંધિત સંસ્થા, રાજકીય પક્ષના અધિકારી અથવા રાજકીય હોદ્દા માટેના ઉમેદવારને રાજકીય હેતુઓસર દાન કરવાની મનાઈ ફરમાવીએ છીએ.

## સરકારી અધિકારીઓ સાથેના સંપર્ક વ્યવહારો અને તેમને પ્રભાવિત કરવા.

આપણે આપણી યજમાન સરકારો સાથે તમામ સ્તરોએ પ્રામાણિક અને રચનાત્મક સંપર્ક પ્રોત્સાહિત કરીએ છીએ. આપણે આપણી પ્રવૃત્તિઓથી અસરગ્રસ્ત થતા લોકો સાથે વ્યાપકપણે મસલત કરીશું, અને સરકારો અને જાહેર અધિકારીઓ સાથેના આપણા વ્યવહારોમાં પારદર્શક અને નૈતિક રીતે આગળ વધીશું.

આપણે, વ્યવસાયના સંચાલનમાં કૉન્ટ્રેક્ટ, પરમિટ અથવા કોઈ અન્ય ચોક્કસ લાભ કે કોઈ અનુચિત સરસાઈ મેળવવાના ઇરાદા સાથે પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે, મધ્યસ્થીઓ કે અન્ય તૃતીય પક્ષકારો મારફતે પૈસા કે મહત્ત્વના મૂલ્ય વાળી કોઈ વસ્તુ ઑફર કરીશું નહીં, તેનું વચન આપીશું નહીં, કે તે પૂરી પાડીશું નહીં, અથવા અન્ય રીતે આપણા વ્યાવસાયિક સંબંધોમાં અનુચિત પ્રભાવનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરીશું નહીં. આ સરકારી સંસ્થાઓ અને અધિકારીઓ સાથેના આપણા સંબંધો તેમજ ખાનગી ક્ષેત્ર સાથેના આપણા વ્યવહારો એમ બંનેને લાગુ પડે છે. આપણે આપણા કર્મચારીઓ અથવા વ્યાવસાયિક ભાગીદારો દ્વારા થતી એવી કોઈ પ્રવૃત્તિ સહન કરીશું નહીં .

## સખાવતી દાન અને સામાજિક અને સામુદાયિક રોકાણ અને એન્ટરપ્રાઇઝ વિકાસ પ્રવૃત્તિઓ.

આપણે ટકાઉ સામુદાયિક વિકાસ પ્રોત્સાહિત કરવા, ગરીબી અને રોગ સાથે લડવા, પર્યાવરણનું રક્ષણ કરવા અને આપણે જ્યાં કામગીરી કરીએ છીએ, તે દેશોમાં લોકો અને સંસ્થાઓની ક્ષમતાઓ વિકસાવવાના ઉદ્દેશથી સખાવતી યોગદાન અને સામાજિક તેમજ સામુદાયિક મૂડી રોકાણો કરીએ છીએ. તેમ છતાં, આપણે કાળજી લઈએ છીએ કે એવા દાન મુખ્યત્વે ખાસ સરકારી અધિકારી, રાજકારણી કે પક્ષને લાભ ન પહોંચાડે અને તૃતીય પક્ષકારો દ્વારા તેમનો દુરુપયોગ ન થાય તેની ખાતરી કરવા નિયંત્રણો લાગુ કરીએ છીએ. દાન અને સામાજિક તેમજ સામુદાયિક મૂડી રોકાણો કરવા જોઈએ નહીં, જો તે અનુચિતતાનું દૃષ્ટિબિંદુ સર્જે અથવા સર્જવાની શક્યતા ધરાવે.

સમુદાયો અને તેમના પ્રતિનિધિઓ સાથેના આપણા વ્યવહારોમાં આપણે પારદર્શક રીતે અને નિષ્ઠાપૂર્વક વર્તીશું.

## પ્રાયોજનો

કૉન્ટ્રેક્ટ, પરમિટ કે ચોક્કસ નિયમનકારી લાભના બદલામાં પ્રાયોજન ઑફર કરી શકાશે નહીં, પૂરું પાડી શકાશે નહીં કે તેનું વચન આપી શકાશે નહીં. તે વ્યવસાયના સંચાલનમાં અનુચિત સરસાઈ મેળવવા માટે ઑફર કરવું જોઈએ નહીં, અથવા જો તે આ ઇરાદો ધરાવતું હોવાનું દૃષ્ટિબિંદુ ઊભું કરવાની શક્યતા રાખતું હોય.

## મધ્યસ્થીઓ તેમજ વિલીનીકરણો, સંપાદનો, સંયુક્ત સાહસો અને સહયોગીઓને ટકાવી રાખવા અને તેમની ચુકવણી.

તૃતીય પક્ષકારો જેમ કે સલાહકારો, પુરવઠાકારો, એજન્ટો, કૉન્ટ્રેક્ટરો, પ્રભાવક અને સંયુક્ત સાહસના ભાગીદારોના કાર્યોથી આપણી પ્રતિષ્ઠાને નુકસાન પહોંચી શકે છે. અને તેમના કાર્યો માટે Anglo American ને પોતે ઉત્તરદાયી હોવાનું જણાય તેમ બની શકે છે. તૃતીય પક્ષકાર માટે Anglo American ના વતી કોઈ એવું કૃત્ય કરવું ક્યારેય સ્વીકાર્ય નથી કે જે, Anglo American દ્વારા પ્રત્યક્ષ રીતે કરવામાં આવ્યું હોય તો, આ નીતિનો ભંગ હશે.

રુશ્વતોની પરોક્ષ રીતે ચુકવણીના જોખમથી બચવા માટે આપણે નીચેના માટે પ્રતિબદ્ધ છીએ:

- આપણા વ્યાવસાયિક ભાગીદારો આપણી વ્યાવસાયિક પ્રામાણિકતા નીતિ અને કાર્યપદ્ધતિઓ (Business Integrity Policy and Procedures) સમજે અને તેનું અનુપાલન કરે, તેની ખાતરી કરવા માટે બધા વજબી પગલાં લેવા.
- આપણા વ્યાવસાયિક ભાગીદારોની પ્રતિષ્ઠા અને લાયકાતો અંગે તપાસ કરવા અને યોગ્ય હોય ત્યાં, તેમની પ્રામાણિકતા અને શુભ હેતુ અંગે પોતાને સંતોષવા માટે યોગ્ય ખંતની સત્તાવાર પ્રક્રિયા હાથ ધરવા.
- આપણા વતી વર્તવાના આશયથી તૃતીય પક્ષકારો દ્વારા Anglo American ના પૈસાના ઉપયોગ પર દેખરેખ રાખવા માટે યોગ્ય નિયંત્રણો અને તપાસો લાગુ કરવા.
- સંયુક્ત સાહસો અને સહયોગી કંપનીઓએ સમકક્ષ પ્રક્રિયાઓ લાગુ કરી છે, તેની ખાતરી કરવા.

આપણે જે કોઈ કંપનીમાં રોકાણ કરીએ અથવા જેને સંપાદિત કરીએ, તેની અને જે કોઈ ભાગીદાર સાથે સંયુક્ત સાહસ કરવાનો નિર્ણય લઈએ તેની, અને તેથી આપણને વારસાગત પ્રાપ્ત થતા રોકાણોની પશ્ચાદ્ભૂમિકા, પ્રતિષ્ઠા, નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યો સંપૂર્ણપણે તપાસવા પ્રતિબદ્ધ છીએ.

## આપણા લોકોની સુરક્ષા

Anglo American ના કર્મચારીઓ હિંસાના ડર કે ધમકી વિના તેમની ફરજો બજાવવા માટે મુક્ત હોવા

જોઈએ. આપણા કર્મચારીઓની સુરક્ષા અને સલામતી આપણી સર્વોચ્ચ ચિંતા છે. આપણે આપણા કર્મચારીઓ પાસેથી આ નીતિની શરતોનું અનુપાલન કરવા તેમની કે અન્યોની સુરક્ષા અથવા સલામતીમાં બાંધછોડ કરવાની અપેક્ષા કરતા નથી.

તેમ છતાં, કર્મચારીઓએ તેમને આ નીતિના ભંગમાં પરિણમે તેવું કૃત્ય કરવા માટે ધમકી આપવામાં આવી હોય અથવા ડર બતાવવામાં આવ્યો હોય એવી કોઈ ઘટના અંગે તેમના વ્યાવસાયિક એકમની અંદર નિર્દિષ્ટ જવાબદાર વ્યક્તિને તાત્કાલિક અહેવાલ મોકલવો જોઈએ. અને તેની નકલ નૈતિક વ્યાવસાયિક આચરણ ટીમ (Ethical Business Conduct Team) ને મોકલવી જોઈએ. કોઈ પુનરાવર્તન અટકાવવા માટે યોગ્ય આંતરિક મસલત પછી એવી ઘટનાઓનો અહેવાલ સંબંધિત સત્તાધિકારીઓને પણ આપવો જોઈએ.

### દબાણ હેઠળ ચૂકવણી

અમે જાણીએ છીએ કે, ક્યારેક-ક્યારેક દબાણ હેઠળ ચૂકવણીની માંગ કરવામાં આવી શકે છે. જ્યાં કર્મચારીનું વર્તન ગેરકાયદેસર હોય ત્યાં આ સિદ્ધાંત લાગુ પડતો નથી, દા.ત. પ્રભાવથી દૂર ડ્રાઇવિંગ. દબાણને વાસ્તવિક અથવા જોખમી હિંસા, કેદ અથવા અન્ય વ્યક્તિગત ધમકીની પરિસ્થિતિ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. જે વ્યક્તિને કરારમાં પ્રવેશવા અથવા તેમની ઇચ્છા વિરુદ્ધ કૃત્ય કરવા દબાણ કરે છે. ખતરો વ્યક્તિ પોતાના માટે અથવા અન્ય લોકો માટે હોઈ શકે છે. અમે અપેક્ષા રાખતા નથી કે અમારી નીતિનું પાલન કરવા માટે કોઈપણ કર્મચારી તેમની સલામતી અથવા અન્યની સુરક્ષા સાથે સમાધાન કરે. પરંતુ કર્મચારીઓએ કોઈપણ ઘટનાની જાણ કરવી જરૂરી છે, જ્યાં તેમને ધમકી આપવામાં આવી હોય અથવા ડરાવવામાં આવ્યા હોય. જેથી કોઈ પણ પ્રકારની પુનરાવૃત્તિ અટકાવવા યોગ્ય પગલાં લઈ શકાય.

## 4. મારે શું કરવું જરૂરી છે?

Anglo American ની પ્રતિષ્ઠા જાળવી રાખવાની અને ઉત્તરદાયિત્વ તેમજ પ્રામાણિકતા દર્શાવવાની બધાની જવાબદારી છે. આનો અર્થ એ છે કે આપણે Anglo American ની આચાર સંહિતા, વ્યાવસાયિક પ્રામાણિકતા નીતિ (Business Integrity Policy) અને વ્યાવસાયિક પ્રામાણિકતા ભ્રષ્ટાચાર નિવારણ કાર્યપદ્ધતિઓ (Business Integrity Prevention of Corruption Procedures) સમજવી જોઈએ, અને તેનું અનુપાલન કરવું જોઈએ. જો તમને ખાતરી ન હોય કે તમારા વ્યાવસાયિક એકમમાંની નિર્દિષ્ટ વ્યક્તિ માટે કાર્યવાહીનો ક્રમ યોગ્ય છે કે નહીં તો તમારે સલાહ પણ લેવી જોઈએ, અને મસલત કરવી જોઈએ. વ્યાવસાયિક પ્રામાણિકતા નીતિ (Business Integrity Policy) અને વ્યાવસાયિક પ્રામાણિકતા કાર્યપદ્ધતિઓ (Business Integrity Prevention of Corruption Procedures) ની અંદર વર્ણવ્યા મુજબના આપણા મૂલ્યો અને ધોરણો વિરુદ્ધ જતા આચરણ વિશે અહેવાલ આપવા અને ચિંતાઓ ઉઠાવવાની તમને હિંમત હોવી જોઈએ.

### તાલીમ અને સંપર્કવ્યવહાર

બધા કર્મચારીઓ અને કોન્ટ્રાકટર તેમના પ્રવેશ સમયે આ નીતિ અને તેની જરૂરિયાતો અંગે જાગૃત બનાવવા જોઈએ.

વર્કશૉપ અને ઑનલાઇન તાલીમ એવા કર્મચારીઓ, કોન્ટ્રાકટરો અને તૃતીય પક્ષકારોને પૂરી પાડવામાં આવે છે કે, જેમની ભૂમિકાઓને કારણે જેઓ રુશ્વતખોરી અને ભ્રષ્ટાચારના જોખમનો સામનો કરે છે. આ 'મહત્ત્વપૂર્ણ' કર્મચારીઓને વ્યાવસાયિક પ્રામાણિકતા અમલીકરણ મેનેજરો (Business Integrity Implementation Managers) દ્વારા તેમના વિભાગના વડા, અને જ્યાં યોગ્ય હોય ત્યાં, નૈતિક વ્યાવસાયિક આચરણ ટીમ (Ethical Business Conduct Team, EBCT) સાથે મળીને વ્યાખ્યાયિત કરવામાં આવશે.

નીતિ, વ્યાવસાયિક પ્રામાણિકતા ભ્રષ્ટાચાર નિવારણ કાર્યપદ્ધતિઓની (Business Integrity Prevention of Corruption Procedures) જરૂરિયાતો અને સહાયક સાધનો અંગે આખી સંસ્થામાં સંપર્કવ્યવહારો, વ્યવસ્થાપન સાથે સંપર્ક, EBCT સૂચના બેઠકો અને તાલીમ દ્વારા નિયમિત સંપર્કવ્યવહાર કરવામાં આવે તેની ખાતરી કરવા સંપર્કવ્યવહાર અને જાગરૂકતા સામગ્રીઓ ઉપલબ્ધ છે.

## 5. દેખરેખ રાખવી અને અહેવાલ આપવો

### દેખરેખ રાખવી, અહેવાલ આપવો અને ખાતરી

વ્યાવસાયિક પ્રામાણિકતા નીતિનું પાલન અને તેની સાથે સંકળાયેલા કાર્યક્રમનું અમલીકરણ અને વિકાસ નિયમિત અહેવાલ આપવા અને દેખરેખ રાખવા, તેમજ જરૂરી હોઈ શકે તે નીતિનો વિકાસ અથવા અનુકૂલન, નિયંત્રણો અને તાલીમ નક્કી કરી શકાય તે માટેની વાર્ષિક ખાતરીને આધીન છે.

નીચે પ્રમાણે "થ્રી લાઈન્સ ઓફ ડિફેન્સ" મોડલ સાથે સંરેખણમાં ખાતરી પૂરી પાડવી જોઈએ:

સંરક્ષણની 1લી લાઇન: ઓપરેશનલ પ્રક્રિયાઓમાં અસરકારક વ્યવસાય અખંડિતતા સંબંધિત નિયંત્રણ પગલાં સ્થાપિત કરવા માટે જનરલ મેનેજર અને સ્થાનિક બિઝનેસ યુનિટ લીડર્સની જવાબદારી. નિયંત્રણોના અમલીકરણ અને કાર્યકારી અસરકારકતાને સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક બિઝનેસ ઈન્ટિગ્રિટી ચેમ્પિયન્સ, બિઝનેસ ઈન્ટિગ્રિટી ઈમ્પ્લીમેન્ટેશન મેનેજર અને વ્યાપાર અખંડિતતાના જોખમોની ઓળખ, મૂલ્યાંકન અને વ્યવસ્થાપન માટેની જવાબદારી સાથેના સંચાલકો.

2જી લાઇન ઓફ ડિફેન્સ: ગ્રૂપ એથિકલ બિઝનેસ કન્ડક્ટ ટીમ બિઝનેસ ઇન્ટિગ્રિટી અમલીકરણ મેનેજર્સ દ્વારા બિઝનેસ યુનિટ્સ અને ગ્રુપ ફંક્શન્સમાં અસરકારક બિઝનેસ ઇન્ટિગ્રિટી રિસ્ક મેનેજમેન્ટ

પ્રોગ્રામના અમલીકરણને માર્ગદર્શન, સમર્થન અને દેખરેખ પૂરી પાડે છે.

3જી લાઇન ઓફ ડિફેન્સ: ABAS ઇન્ટરનલ ઑડિટ ખાતરી પૂરી પાડવા માટે, જોખમ-આધારિત અભિગમ લાગુ કરીને, ગ્રુપ કંપની બોર્ડ અને વરિષ્ઠ મેનેજમેન્ટને યોગ્ય લાગે.

EBCT સમયાંતરે ગ્રૂપના લાંચરુશ્વત અને ભ્રષ્ટાચાર વિરોધી કાર્યક્રમની ડિઝાઇન પર્યાપ્તતા પર બાહ્ય ખાતરી અથવા સલાહકારી સેવાઓ મેળવશે.

## ભંગનું પરિણામ

કર્મચારીઓ, કોન્ટ્રાકટરો અને પુરવઠાકારોએ આ નીતિના કોઈ ભંગ, અથવા સંભવિત ભંગ વિશે અહેવાલ આપવો જોઈએ. આ નીતિનાં ઉલ્લંઘનો સમૂહની શિસ્ત કાર્યપદ્ધતિઓ પ્રમાણે શિસ્તનાં પગલાં તરફ દોરી જશે. શિસ્તનાં પગલાંમાં નોટિસ વિનાની બરતરફી સુધીના અને તે સહિતના પ્રતિબંધો સામેલ હોઈ શકે છે.

આપણે ભ્રષ્ટાચાર અને બેઈમાનીના અન્ય સ્વરૂપોની બધી ઘટનાઓનો સંબંધિત સત્તાધિકારીઓને અહેવાલ આપવા અને સંબદ્ધ વ્યક્તિ(ઓ) સામે ફોજદારી પગલું લેવાની સગવડ કરી આપવા પ્રતિબદ્ધ છીએ અને આપણે એવા કાર્યોમાંથી થતા કોઈ નુકસાન માટે નુકસાન ભરપાઈ મેળવવાનો પ્રયત્ન કરીશું.

Anglo American ખાતે આપણે સદ્ભાવથી ચિંતાઓ ઉઠાવતા કર્મચારીઓ સાથે કોઈ પણ પ્રકારનો બદલો સહન કરતા નથી. તમારો અવાજ (Your Voice) ને કૉલ કરવાના પરિણામે કર્મચારી સાથે બદલો લેવા અથવા તેની સતામણી કે ડરામણીના આરોપોની તપાસ કરવામાં આવશે, અને બદલારૂપી પ્રતિક્રિયા કરવા માટે જવાબદાર કર્મચારી(ઓ)ની બરતરફી સુધીનું અને તે સહિતનું યોગ્ય પગલું લેવામાં આવશે.

## તમારો અવાજ (YourVoice)

તમારો અવાજ (YourVoice) સુવિધા આપણા કર્મચારીઓ, કોન્ટ્રાકટરો, પુરવઠાકારો, વ્યાવસાયિક ભાગીદારો અને બહારના અન્ય શૅરધારકોને આપણી આચાર સંહિતા, આ નીતિ અને સાથેની વ્યાવસાયિક પ્રામાણિકતા ભ્રષ્ટાચાર નિવારણ કાર્યપદ્ધતિઓ (Business Integrity Prevention of Corruption Procedures)માં વર્ણવ્યા મુજબના આપણા મૂલ્યો અને ધોરણોથી વિરુદ્ધ હોય, તેવા આચરણ વિશે અહેવાલ આપવા અને ચિંતાઓ ઉઠાવવાનું ખાનગી અને સલામત સાધન પૂરું પાડે છે.

તમારો અવાજ (Your Voice) Anglo American ની કામગીરી વાળા પ્રદેશોમાં સ્વતંત્ર કંપનીઓ દ્વારા સંચાલિત ટેલિફોન અને વેબસાઇટ ઇન્ટેક ચેનલ પૂરા પાડે છે. આ સુવિધા દિવસમાં 24 કલાક, સપ્તાહમાં સાત દિવસ ઉપલબ્ધ છે અને તેમાં અનુવાદ સેવાઓનો સમાવેશ થાય છે. Eureka! પર

તમારો અવાજ (Your Voice) સુવિધાની લિંક પૂરી પાડવામાં આવી છે. તમારો અવાજ (Your Voice) નો સંપર્ક www.yourvoice.angloamerican.com પરથી પણ થઈ શકે છે.

# 6. વધુ માહિતી

## પોલિસીમાં ઉપયોગમાં લીધેલ પારિભાષિક શબ્દો

| પરિભાષા | સમજૂતિ |
|---|---|
| "એન્ગ્લો અમેરિકન", "એન્ગ્લો અમેરિકન ગ્રૂપ", "ગ્રૂપ", "અમે", અને "અમારા" | આ પોલિસી અને અન્ય કોઈ સંબંધિત કાર્યરીતિઓ અથવા ધોરણોમાં, "એન્ગ્લો અમેરિકન", "એન્ગ્લો અમેરિકન ગ્રૂપ", "ગ્રૂપ", "અમે", અને "અમારા" નો સંદર્ભ સામાન્ય રીતે કાં તો Anglo American plc અને તેની સહાયક કંપનીઓ અને/અથવા તેમના માટે કામ કરે છે તેને અથવા જ્યાં તે જરૂરી નથી ત્યાં ચોક્કસ એકમ, એકમો અથવા વ્યક્તિઓને સૂચવે છે. આ સામાન્ય પારિભાષિક શબ્દોનો ઉપયોગ માટે સુવિધા માટે જ છે, અને કોઈપણ પ્રકારે તે એવો સંકેત આપતા નથી કે કેવી રીતે એન્ગ્લો અમેરિકન ગ્રૂપ અથવા તેની અંદરનું કોઈ એકમ સુગઠિત, પ્રબંધિત અથવા નિયંત્રિત છે. એન્ગ્લો અમેરિકન સહાયક કંપનીઓ અને તેમનું સંચાલન, તેમના પોતાના દૈનિક ઓપરેશનો માટે જવાબદાર છે, જેમાં સંબંધિત તમામ લાયસન્સ અને પરવાના મેળવવા અને જાળવવા, ગ્રૂપ પોલિસીનું કાર્યાત્મક અનુકૂલન અને અમલીકરણ, સંચાલન, પ્રશિક્ષણ અને લાગું પડતા અન્ય સ્થાનિક ફરિયાદ નિવારણ વ્યવસ્થાતંત્રનો સમાવેશ થાય છે, પણ તે એટલાથી મર્યાદિત નથી. એન્ગ્લો અમેરિકન ગ્રૂપની અંદર શ્રેષ્ઠ એકસમાન પ્રથાઓ અને પ્રમાણીકરણને સુનિશ્ચિત કરવા એન્ગ્લો અમેરિકન સમૂહ-વ્યાપી પોલિસીઓ અને કાર્યરીતિઓનું નિર્માણ કરે છે, પણ આવી પોલિસીઓના રોજબરોજના અમલીકરણ માટે જવાબદાર નથી. આવી પોલિસીઓ અને કાર્યરીતિઓ ફક્ત નિર્ધારિત ન્યૂનતમ ધોરણોનું ગઠન કરે છે. ગ્રૂપ ઓપરેટીંગ સહાયક કંપનીઓ જ્યાં ઉચિત હોય ત્યાં સ્થાનિક પરિસ્થિતિઓને દર્શાવે એવી પોલિસીઓ અને કાર્યરીતિઓ અપનાવવા માટે અને તેમના ચોક્કસ બિઝનેસની અંદર અમલીકરણ, નિરીક્ષણ અને મોનીટરીંગ માટે જવાબદાર છે. |

## આંતરિક સંદર્ભો

- Anglo American ની આચાર સંહિતા
- Anglo American ની વ્યાવસાયિક પ્રામાણિકતા ભ્રષ્ટાચાર નિવારણ કાર્યપદ્ધતિઓ (Business Integrity Prevention of Corruption Procedures)

- Anglo American ની સરકારી સંબંધ નીતિ
- Anglo American ની પ્રાયોજન નીતિ
- Anglo American ની નીતિ-નિયમોના ઉલ્લંઘનની જાણ કરવા માટેની (વિસલબ્લોઇંગ) નીતિ
- તમારો અવાજ (Your Voice)

જો તમને કોઇ વધુ માહિતીની જરૂર પડે, અથવા રુશ્વતખોરી અને ભ્રષ્ટાચારની સંભવિત કે વાસ્તવિક ઘટનાઓ વિશે માર્ગદર્શન જોઇએ, તો EBCT@angloamerican.com પર ઈમેલ કરો અથવા નૈતિક વ્યાવસાયિક આચરણ ટીમ (Ethical Business Conduct Team) નો સંપર્ક કરો.